# નોટબંધીના ૩૫મા દિવસે હજુ બેંકોમાં લાઈનો યથાવત

### ત્રણ દિવસની રજાઓ બાદ બેંકો ખુલતા જ વસાહતીઓએ બેંકોમાં લાઈનો લગાવી : રોકડનો કકળાટ હજુ યથાવત : એટીએમ ખાલી રહ્યા

શહેરમાં મોટાભાગની બેંકો જ્યાં આવેલી તે સેક્ટર-૧૬ના વિસ્તારમાં આજે ભારે ભીડ રહી હતી. નોટબંધીના પાંત્રીસમા દિવસે હજુ રોકડનો કકળાટ યથાવત રહેતા બેંકોમાં લાઈનો લાગી હતી.

ત્રણ દિવસની સળંગ રજા બાદ આજે બેંકો ઉઘડતા જ લાંબી કતારો જોવા મળી હતી. રોકડ મેળવવા માટે વસાહતીઓએ શક્ય એટલા તમામ પ્રયાસો કર્યા હતા. નોટબંધીના પાંત્રીસમાં દિવસે રોકડનો કકળાટ હજુ સામાન્ય વ્યક્તિઓને પજવી રહ્યો છે. સામાન્ય જનતા પોતાના જ પૈસા મેળવવા માટે ઠેર ઠેર ભટકી રહ્યા છે. રોકડની સ્થિતિ દિવસે દિવસે હળવી બનશે તેવા સરકાર અને રીઝર્વ બેંકના તમામ દાવાઓ પર જાણે પાણી ફરી ગયુ હોય તેમ રોકડનો કકળાટ જોવા મળી રહ્યો છે. રોકડ ક્યાંથી મેળવી શકાય તેવા તમામ પ્રયાસો લોકો કરી રહ્યા છે. સેક્ટર-૧૬ વિસ્તારમાં મોટાભાગની બેંકો આવેલી છે અને







તેના એટીએમ આવેલા છે. બેંકો ઉઘડતા જ આજે તમામ બેંકોમાં લાઈન જોવા મળી હતી. મોટાભાગના એટીએમમાં તો હજુ બંધ જ છે. બેંકો એટીએમમાં પૈસા નાંખતી જ નથી. જે રડ્યા ખડ્યા એટીએમમાં નાણા છે ત્યાં લાંબી કતારો જોવા મળી રહી છે. એટીએમમાંથી પણ માત્ર બે હજાર જેટલી જ રકમ ઉપાડી શકાતી હોવાથી લોકોની પરેશાની વધી છે અને ખરીદશક્તિ ઘટી છે. બેંકો હજુ ૩૫મા દિવસે પણ પોતાની પાસે પુરતી રોકડ નથી ના ગાણા ગાઈ રહી છે. જેના પરિણામે લોકોને તેમની માંગ અનુસાર પૈસા મળતા નથી. એક તરફ દેશભરમાં પાડવામાં આવી રહેલા દરોડોમાં મોટા પ્રમાણમાં નવી ચલણી નોટો સાથેની રોકડ મળી રહી છે તો બીજી તરફ આમ આદમીને માત્ર બે હજાર રૂપિયા મેળવવા કતારોમાં કલાકો ઉભા રહેવુ પડે છે. હજુ કેટલા દિવસો આ રીતે કતારોમાં ઉભા રહેવુ પડશે તેવો પ્રશ્ન સામાન્યજનને મુંઝવી રહ્યો છે.

## વન તંત્ર દ્વારા ફેન્સીંગને નવો કલરકોડ આપવાનુ કામ શરૂ

### પ્રથમ ચ માર્ગ પર કામ હાથ ધરાયુ : તબક્કાવાર અન્ય માર્ગો પર ફેન્સીંગનુ નવિનીકરણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૩

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સુશોભનના નતનવા કામો હાથ ધરવામાં આવી રહયા છે. ફુટપાથને કલરકામ કરવામાં આવી રહયુ છે. ફેન્સીંગનુ નવિનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. વન તંત્ર દ્વારા શહેરમાં તમામ ઠેકાણે ફેન્સીંગની થાંભલીઓ નવી નાંખવા ઉપરાંત નવો કલર કોડ આપવાનુ કામ હાથ ધરાયુ છે. આજે ચ માર્ગ પર ફેન્સીંગને કલર



જયારે મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વન વિભાગની ફેન્સીંગનુ પણ નવિનીકરણ હાથ ધરાયુ છે. ફેન્સીંગના પોલ્સને પણ પીળો અને લીલો કલરકોડ આપવામાં આવ્યુ છે. ફેન્સીંગની થાંભલીઓને રંગરોગાન કરવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે.

શહેરમાં આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ બ્યુટીફિકેશનના વિવિધ કામો હાથ ધરાયા છે. માર્ગોની સુધારણાની સાથે રસ્તાના બ્યુટીફિકેશનની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. વનતંત્ર દ્વારા પણ શહેરના માર્ગો આસાપાસ સ્થિત વનઆરક્ષિત જગ્યામાં કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જેમાં થાંભલીઓને ઉપરના ભાગે પીળો અને નીચેના ભાગે લીલો કલર કરવામાં આવી રહયો છે. કલરકામના અંતે માર્ગોના બ્યુટીફિકેશન સાથે વનઆરક્ષિત જગ્યાનો નઝારો પણ બદલાશે. ફેન્સીંગના નવિનીકરણની કામગીરી પાછળ લાખો રૂપિયાનો ખર્ચ થશે. વન આરક્ષિત જગ્યામાં હાલ મોટાભાગની થાંભલીઓ તુટેલી હાલતમાં છે. જેના પરિણામે રોપાઓની વાવણીના અંતે હરિયાળી સામે ખતરો મંડરાય છે. આ કામગીરીના અંતે વૃક્ષોની સલામતી પણ જળવાશે.

## પંચાયતોની ચૂંટણીમાં મોડી સાંજ સુધી ચકાસણી ચાલી

### સંતાનોની સંખ્યા, શૌચાલયના પ્રમાણપત્ર સહિતના મુદ્દાઓ અંગે સામસામી રજુઆતો થતાં ચકાસણીમાં વિલંબ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ૧૯૪ પંચાયતોના ઉમેદવારીપત્રોની ચકાસણી આજે મોડી સાંજ સુધી ચાલુ રહેવા પામી હતી. જેને કારણે કેટલા ફોર્મ રદ થયા અને કેટલા ઉમેદવારો મેદાનમાં રહ્યા તેનું ચિત્ર સ્પષ્ટ થઈ શક્યુ ન હતુ.

જિલ્લામાં ૧૯૪ પંચાયતોની સામાન્ય ચૂંટણી અંગે ઉમેદવારી પત્રોની ચકાસણી આજે સવારથી જે તે ચૂંટણી અધિકારીઓ દ્વારા હાથ ધરાઈ હતી. આ ચકાસણીની કામગીરી સાંજે ૭ વાગે પણ ચાલુ રહેતાં રાજકીય વર્તુળોમાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા હતા.

મળતી વિગતો પ્રમાણે ઘણી બધી ગ્રામ પંચાયતોમાં શૌચાલયના પ્રમાણપત્ર, સંતાનોની સંખ્યા, ભાડાના મકાનની પહોંચ જેવા દસ્તાવેજોને લઈ સંખ્યાબંધ રજુઆતો સામસામે થતાં ચકાસણીની કામગીરી મોડે સુધી ચાલી હતી.

બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે તે જોતાં ૨૦થી વધુ પંચાયતો સમરસ અને તેવુ મનાઈ રહ્યુ છે. રાજકીય આગેવાનો અને પદાધિકારીઓ પરોક્ષ રીતે આ બેઠકોમાં સક્રિય ભૂમિકાઓ ભજવી રહ્યાના અહેવાલો છે.

આજે સવારથી જ ઉમેદવારો અને સમર્થકોના ટોળેટોળાં તાલુકા મથકની કચેરીઓ પર ઉમટી પડ્યા હતા. કેટલીક જગ્યાએ તીખી ચર્ચાઓ પણ ઉમેદવારીને લઈ સાંભળવા મળી હતી.

બુધવારે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે એટલે કાલે મોડી સાંજ સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેમ મનાઈ રહ્યું છે. પુનઃ ગુરૂવારથી પ્રચારનો ધમધમાટ ગ્રામ્ય વિસ્તારમાં આરંભાઈ જશે.

જિલ્લામાં પંચાયતોને સમરસ બનાવવા માટે થઈ કેટલાક ગામોમાં સર્વસંમતિ અંગે સમિતિઓ પણ રચવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હું તો મોદીજીએ કહ્યું તે પહેલાંથી જ... વર્ષોથી કેશલેસ ટ્રાન્જેકશન જ કરતો હતો... પણ લોકો મને ઉધારીયા તરીકે ઓળખતા...!!

## પેથાપુર-રાંધેજા માર્ગ પર જીપ ઝાડમાં ઘુસી ગઈ

### જીપનું ટાયર ફાટતા અકસ્માત સર્જાયો, ત્રણ વ્યકિત ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક પેથાપુર- રાંધેજા માર્ગ પર આજે બપોરના સુમારે પસાર થઈ રહેલી મેક્સ જીપનું ટાયર અચાનક ફાટતા ડ્રાયવરે જીપ પરનો કાબુ ગુમાવતા જીપ ઝાડના થડીયા સાથે ટકરાઈ હતી. જીપ ધડાકાભેર અથડાતા માર્ગ પરથી પસાર થઈ રહેલા અન્ય વાહનચાલકો ઉભા રહીને મદદ માટે આવી પહોંચ્યા હતા.જીપમાં સવાર ત્રણ વ્યકિતઓને ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જયાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ બે દર્દીઓને અમદાવાદ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા.



કડાથી અમદાવાદ તરફ જઈ રહેલી મેકસ જીપનું ટાયર અચાનક રાંધેજા- પેથાપુર માર્ગ પર ફાટતા અકસ્માત સર્જાયો હતો. ચાલકે જીપ પરનો કાબુ ગુમાવતા જીપ ઝાડના થડીયા સાથે અથડાઈ હતી. જીપ ધડાકાભેર અથડાતા જીપનો આગળના ભાગનો ખુડદો બોલાઈ ગયો હતો અને જીપમાં સવાર ગીરીશભાઈ રેવાભાઈ જાદવ, પાર્વતીબેન ગીરીશભાઈ જાદવ (રહે. અમદાવાદ) અને કિશોરભાઈ બળદેવભાઈ પરમાર (અમદાવાદ)ને શરીરે ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાંથી ગીરીશભાઈ અને પાર્વતીબેનને વધુ સારવારઅર્થે અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે રાંધેજા-પેથાપુર માર્ગ પર ટ્રાફિકજામ થઈ ગયો હતો.

## ગાંધીનગર ખાતે વિખૂટા પડેલા દીકરા સાથે મિલન થતાં બાપની આંખ ભરાઇ આવી

ગાંધીનગર, તા. ૧૩

મજૂરી કામની લાલચ આપીને ૧૨ વર્ષના રાજેશને દિલ્હી થી ગાંધીનગર ખાતે લાવીને એક વ્યક્તિએ છોડી દીધો હતો.ત્રણ દિવસથી ન જમેલા બાળકને તેના મા-બાપ સાથે સુખદ મિલન ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા એકમ અને સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ સંચાલિત ગાંધીનગર ચાઈલ્ડલાઈનને કરાવી છે.

મુળ ઉત્તર પ્રદેશના રહેવાસી અને ઘણા લાંબા સમયથી દિલ્હી ખાતે અમરસિંહ પાસવાન પોતાના પરિવાર સાથે રહે છે. કડિયા કામ કરીને અમરસિંહ પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના ૧૨ વર્ષીય દિકરા રાજેશને થોડાક દિવસ અગાઉ એક વ્યકિત રાજેશને મંજૂરી કામ અપાવવાની લાલચ આપીને ટ્રેનમાં બેસાડી દીધો હતો. ત્યારબાદ આ



અજાણ્યા વ્યક્તિએ રાજેશને અંદાજે અઠવાડિયા અગાઉ ગાંધીનગર લાવીને છોડી દીધો હતો. રાજેશ છેલ્લા અઠવાડિયાથી ગાંધીનગરના વિવિધ સ્થળોએ ફરતો હતો. અજાણ્યા નગરમાં મા-બાપથી વિખૂટો પડેલો રાજેશ ભૂખ્યો તરસો હતો.

તા. ૬ ડિસેમ્બરના રોજ રાજેશ ગાંધીનગરના હાર્દસમા ઘ-૫ વિસ્તારમાં આવેલા તિબેટિયન બજાર પાસે ઉભો હતો. તે સમયે તેની જાણ સાબરમતી સૃમધ્ધિ સેવા સંઘ દ્વાર સંચાલિત ગાંધીનગર ચાઈલ્ડ લાઈન- ૧૦૯૮ને કરવામાં આવી હતી. જેથી સેવા સંઘ દ્વારા ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા એકમનો સંપર્ક કરીને બાળક પાસેથી તેના મા-બાપની માહિતી મેળવી હતી. રાજેશના કહ્યા મુજબ તે અંગેની તપાસ કરતા તેના પિતાએ દિલ્હી ખાતે પોલીસ મથકમાં ફરિયાદ નોંધવાનું જાણવા મળ્યું હતું. દિલ્હી પોલીસ રાજેશના પિતા અમરસિંહ પાસવાન સાથે ગાંધીનગર આવી હતી. પિતાને જોઈને રાજેશ ખુશ થઈ ગયો હતો. તેમની યોગ્ય તપાસ કરીને જિલ્લા બાળ સુરક્ષા એકમ, ગાંધીનગરે બાળકને તેના પિતાને સોંપ્યો હતો.

પરિવારથી વિખૂટા પડેલા બાળકને તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવવામાં ચાઈલ્ડ લાઈનના કાઉન્સીલર શ્રી ઉર્વશીબેન જાદવ અને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રી આદરભાઈ પટેલ અને ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા એકમના સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## શહેરમાં મહત્તમ તપમાન ઉંચુ રહેતા દિવસે હજુ ગરમી

ગાંધીનગર, તા.૧૩

શિયાળાની મૌસમ ચાલી રહી છે. જો કે હજુ મહત્તમ તાપમાન ૩૧-૩૨ ડિ.સે. રહેતા દિવસ દરમિયાન હજુ ગરમીનો અનુભવ થાય છે.

ડિસેમ્બર માસના મધ્યે લઘુત્તમ તાપમાન ૧૧-૧૨ ડિ.સે. રહ્યું છે. જેથી ઠંડી વધી છે. જો કે હજુ દિવસ હુંફાળો છે. ઠંડા પવનો હજુ શરૂ થયા ન હોવાથી દિવસે ગરમ વસ્ત્રો પહેરવાની જરૂર પડતી નથી. મહત્તમ તપમાન છેલ્લા ઘણા ય સમયથી ૩૧-૩૨ ડિ.સે. રહ્યું છે. જેના કારણે દિવસ દરમિયાન ગરમી લાગે છે. પંખા ચલાવવાની હજુ જરૂરીયાત રહે છે. જો કે સાંજ પછી વાતાવરણમાં થોડીક ઠંડક છવાઈ રહી છે. ઉત્તર ભારતમાં ધુમ્મસ અને ઠંડી વધતા ઠંડી વધી છે પરંતુ ઠંડા પવનો ન ફુંકાતા દિવસે તાપમાન ઉંચુ રહે છે.

## ...આ માતાજીનો પ્રસાદ છે કહીને કેફી દ્રવ્ય ખવડાવી દીધું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ વિજાપુરથી ગાંધીનગર આવી રહ્યા હતા તે દરમિયાન પીંપળજ-પીડારડા નજીક અજાણ્યા ચાર ઈસમોએ ગાડી થોભાવી હતી અને 'આ માતાજીનો પ્રસાદ છે કહીને પ્રસાદના નામે કેફી દ્રવ્ય ખવડાવી દીધુ હતું.આ ખાધા બાદ તુરંત જ કાર ચલાવી રહેલા જૂનીયર ડોક્ટરને માનસિક અસર થઈ હતી અને તેણે ગાંધીનગર સિવિલ આવીને સારવાર લેવાની ફરજ પડી હતી.

ગાંધીનગર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ સાથે ગઈકાલે એક અજીબોગરીબ કિસ્સો બન્યો હતો જેમાં પ્રસાદીના નામે કેફી દ્રવ્ય ખવડાવીને તેમને લુંટવાનો નિષ્ફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. બનાવની વિગત એમ છે કે, ગાંધીનગર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા અને જુનિયાર ડોક્ટર તરીકે ફરજ બજાવતા બે મિત્રો વિજાપુરથી ગાંધીનગર તરફ પોતાની કારમાં આવી રહ્યા હતા.તે દરમિયાન પિંપળજ પાસે ચાર વ્યક્તિઓએ ગાડી થોભાવી હતી. ખભા ઉપર લાલ રંગનો ખેસ નાંખીને ઉભેલા આ ચાર યુવાનોએ ગાડીને ઉભી રાખીને આ બન્ને વ્યક્તિઓને પ્રસાદ આપ્યો હતો. આ બે મિત્રોએ પ્રસાદ લેવામાં આનાકાની કરતા યુવાનોએ માતાજીનો પ્રસાદ છે સૌ સારાવાના થઈ જશે તેમ કહીને પરાણે પ્રસાદ આપ્યો હતો તેમાં ડ્રાઈવીંગ કરી રહેલા એક ડોક્ટરે પ્રસાદ આરોગ્યો હતો.

પ્રસાદ ખાધાની થોડીક જ મીનીટોમાં આ ડોક્ટરનું માથું ચકરાવે ચઢવા લાગ્યું હતું જેનાથી તુરંત ડોક્ટરને પ્રસાદમાં કાંઈક કેફી દ્રવ્ય

● અનુસંધાન પાના - ૫ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

### ઇ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં. ૭/૨૦૧૬-૧૭

**માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત) ગુજરાત સરકાર**

ગુજરાત રાજયના રાજપાલ વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ, વિદ્યુત પેટા વિભાગ-૧, એ-બ્લોક, પ્રથમ માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨૫૯૪૭૪/૪૭૫)ની કચેરીએથી (૧) એક કામ જેની અંદાજીત કિંમત ૧.૭૬ માટે આવા કામના અનુભવ ધરાવતા ઈજારદારશ્રી પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. જેની છેલ્લી તા. ૨૨/૧૨/૨૦૧૬, ૧૬.૦૦ કલાક સુધી http://rnb.nprocure.com વેબસાઈટ ઉપર ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. શક્ય હશે તો તેજ દિવસે ૧૬.૧૦ કલાક પછી હાજર રહેલ કોન્ટ્રાક્ટરોની હાજરીમાં ટેન્ડર ખોલવામાં આવશે. વધારાની માહિતી અને ઓન લાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૨૧૯૩/૧૬-૧૭